

નમો નમઃ શ્રી ગુરુપ્રેમસૂરયે ।

# પંચસૂત્ર

## પ્રથમ સૂત્ર (સાનુવાદ)

## પાપપ્રતિઘાત - ગુણબીજાધાન


અનુવાદકર્તા

**પ્રેમ - ભુવનભાનુ - પદ્મ વિનેય**

**આચાર્યદેવ શ્રીમદ્ વિજય**

**હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

गरिहामि दुक्कडं
अनुमोएमि सुकडं
अरिहंता मे शःरणं

નમો નમઃ શ્રી ગુરુપ્રેમસૂરયે ।

# પંચસૂત્ર

**પ્રથમ સૂત્ર (સાનુવાદ)**
**પાપપ્રતિઘાત - ગુણબીજાધાન**


અનુવાદકર્તા
**પ્રેમ - ભુવનભાનુ - પદ્મ વિનેય**
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય**
**હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**



લાભાર્થી
**સંઘવી લલીતભાઈ ભૂરમલજી સાદરીયા પરિવાર**
**પિંડવાડાવાળા - સુરત**

ફર્મ
**શાહ એન્ડ સંઘવી એસોસીયેટ**
**ચોથા માળે, શેરોન પ્લાઝા, ત્રિશલા એપાર્ટમેન્ટની સામે, પાર્લે પોઇન્ટ,**
**અઠવાલાઇન્સ, સુરત - ૩૯૫ ૦૦૭ (ફોન : ૩૦૨૭૦૨૫, ૨૨૨૩૦૯૨)**

# નિવેદન

## (પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરિ મહારાજા)

પાપ પ્રતિઘાત-ગુણબીજાધાન નામના પંચસૂત્રના પ્રથમ સૂત્રનો સંક્ષિપ્ત ભાવાનુવાદ ૧૪૪૪ ગ્રંથોના રચયિતા શાસનશણગાર પ. પૂજ્ય આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. કૃત ટીકા તથા બીજા અનેક વિવેચનોના આધારે કરેલ છે. આ સંક્ષિપ્ત ભાવાનુવાદ પાછળનો આશય એ છે કે આ સૂત્રનો પ્રારંભમાં અર્થની સાથે જોઈ જોઈને પાઠ કરતા આગળ ઉપર સૂત્ર માત્રનો પાઠ કરતા અર્થનો ખ્યાલ આવી જાય અને તદનુસાર શુભપરિણામ પણ થતા જાય. કેટલાક ઠેકાણે કંઈક વિશેષ સ્પષ્ટીકરણની જરૂરત લાગતા સૂત્રની નીચે ટિપ્પણમાં કરેલ છે.

પંચસૂત્રના પ્રભાવ માટે તો શું કહેવું ? સૂત્રકાર જણાવે છે કે આ સૂત્રનો સમ્યગ્ વિધિપૂર્વક પાઠ કરવાથી અશુભ કર્મના અનુબંધ એટલે કે અશુભ સંસ્કાર અથવા વિશિષ્ટ કોટિના અશુભ કર્મો શિથિલ થઈ જાય છે, હાનિ પામે છે, નાશ પામે છે. બાકી રહેલા અશુભ કર્મો પણ મંત્રથી બદ્ધ ઝેરની જેમ સુખપૂર્વક દૂર થઈ જાય છે. ફરીથી ન બંધાય તેવા થાય છે. શુભકર્મો અને સંસ્કારો

ઉત્પન્ન થાય છે, પુષ્ટ થાય છે અને પરાકાષ્ટાએ પહોંચે છે. અને પ્રકૃષ્ટ ભાવથી ઉપાર્જિત થયેલું અનુબંધવાળું શુભકર્મ નિયમા ફળદાયી બને છે અને સારી રીતે યોજાયેલા ઔષધની જેમ શુભ ફળને આપનાર બને છે. શુભ પ્રવૃત્તિ કરાવે છે તેમજ સુખ એટલે કે મોક્ષ સુખનું સાધક બને છે.

સંવત ૨૦૪૧ના ઈરલાબ્રીજના ચાતુર્માસ દરમિયાન, સંવત ૨૦૪૨માં ચેમ્બુર મુકામે થયેલ ઉપધાન તપની આરાધનામાં તથા સંવત ૨૦૫૨ના કૃષ્ણનગર (અમદાવાદ)ના ચાતુર્માસમાં આ સૂત્ર પરના વ્યાખ્યાન અનેક ભવ્યાત્માઓના હૃદયમાં સંવેગ વૈરાગ્ય રસની છોળો ઉછાળવામાં નિમિત્તભૂત બન્યા, ઉપધાન તપના આરાધકોને પણ આ સૂત્રના વિવેચનથી આરાધનામાં વેગ મળ્યો, દુષ્કૃત ગર્હાની વાતો સાંભળતા સંખ્યાબંધ પુણ્યાત્માઓએ ભવ-આલોચનાનો પ્રબળ પુરુષાર્થ કરી આત્માનું વિશુદ્ધિકરણ કર્યું...

આ સૂત્રમાં ચઉસરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનની એવી સુંદર પ્રક્રિયા બતાવી છે કે જેના આલંબનથી ભયંકર પાપી જીવો પણ કર્મનો નાશ કરી અનંતસુખના ભોક્તા બની જાય છે. ખંધક મુનિની ચામડી ઉતારનાર તથા ઝાંઝરીયા મુનિની હત્યા કરનાર રાજાઓ

આ સૂત્રની જ પ્રક્રિયાથી સાતમી નરકે જવાને બદલે શિવસુખના ભોક્તા થયા છે. આવી સુંદર પ્રક્રિયા બતાવનાર પંચસૂત્રનો સ્વાધ્યાય સૌ કોઈએ કરવો અતિ આવશ્યક છે. અનાદિકાલીન આત્મામાં ઘર કરી બેઠેલા ભયંકર કુસંસ્કારો અને અતિક્લિષ્ટ કર્મો એ સિવાય કેવી રીતે દૂર થઈ શકશે ? ખુદ સૂત્રકાર પોતે જ આના માટે ઉપદેશ આપતા જણાવે છે કે, 'આ સૂત્રનો નિરાંશસભાવે થતો પાઠ અશુભ ભાવને અટકાવવા પૂર્વક શુભભાવના બીજ રૂપ હોવાથી આનો રોજ સમ્યક્ પાઠ કરવો, સમ્યક્ શ્રવણ કરવું અને સમ્યક્ અનુપ્રેક્ષા કરવી.'

સૌ મોક્ષાભિલાષી આત્માઓ આ સૂત્રના સ્વાધ્યાયથી કર્મ મલનો નાશ કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ શુભાભિલાષા.

*ગુરુજનના મનની વિરાધના કરીને*
*કોઈપણ પ્રકારે શિષ્યો જે ઈચ્છે છે તે ચોરના*
*વધ્ય મંડણ (વધ કરતા પૂર્વે ચોરની*
*જે શોભા કરાય છે તે)*
*જેવી બાહ્ય રિદ્ધિથી શું ?*

**ધર્માચાર્ય બહુમાન કુલક**

श्री शंખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।

# चिरन्तनाचार्यविरचितं पञ्चसूत्रकम्

**(મૂળ તથા સંક્ષિપ્ત ભાવાનુવાદ)**

## नमो नमः श्री गुरुप्रेमसूरये

### મંગલ

**णमो वीतरागाणं सव्वण्णूणं देविंदपूइयाणं जहट्ठियवत्थुवाईणं तेलोक्कगुरुणं अरुहंताणं भगवंताणं ।**

વીતરાગ, સર્વજ્ઞ, દેવેન્દ્રોથી પૂજાયેલા, યથાસ્થિતવસ્તુવાદી[1], ત્રણ લોકના ગુરુ અરિહંત (અરુહંતો)[2], ભગવંતોને નમસ્કાર થાવ...

### અરિહંતનો ઉપદેશ

**जे एवमाइक्खंति–इह खलु अणाइजीवे, अणादिजीवस्सभवे, अणादिकम्मसंजोगणिव्वत्तिए,**

---

(૧) વસ્તુના યથાર્થ સ્વરૂપને કહેનારા.

(૨) કર્મબીજના અભાવથી જેમને સંસારરૂપ અંકુરો ઉગવાનો નથી તેવા અરિહંતોને અરુહંતો પણ કહેવાય છે.

**दुक्खरूवे, दुक्खफले दुक्खाणुबंधे ।**

જે (અરિહંત ભગવંતો) આ પ્રમાણે કહે છે કે ‘‘આ વિશ્વમાં જીવ અનાદિ છે, જીવનો સંસાર અનાદિ છે, અનાદિ કર્મસંયોગથી થયેલ છે, દુઃખરૂપ છે, દુઃખના ફળવાળો છે, દુઃખની પરંપરાવાળો છે.

**एयस्स णं वोच्छित्ती सुद्धधम्माओ, सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ, पावकम्म–विगमो तहाभव्वत्तादिभावाओ ।**

આ (સંસાર)નો નાશ શુદ્ધ ધર્મથી થાય છે, શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મના વિગમથી[૩] થાય છે, પાપ કર્મનો વિગમ તથાભવ્યત્વાદિ[૪] ભાવથી થાય છે.

---

(૩) વિગમ - વિશેષરૂપે ન બંધાય તેવી રીતે પાપકર્મનું દૂર થવું તે.

(૪) સંસારી જીવો બે પ્રકારના છે : (૧) ભવ્ય (૨) અભવ્ય. ભવ્ય જીવો એટલે મોક્ષમાં જવાની યોગ્યતાવાળા જીવો. અભવ્ય જીવો એટલે મોક્ષમાં જવાની યોગ્યતા વિનાના જીવો. મોક્ષમાં જવાની યોગ્યતાને ભવ્યત્વ કહેવાય છે, દરેક ભવ્ય જીવોમાં ભવ્યત્વ જુદા જુદા પ્રકારનું હોય છે. તેથી જીવના વ્યક્તિગત વિશિષ્ટ ભવ્યત્વને તથાભવ્યત્વ કહેવાય છે. આદિથી કાળ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ જાણવા.

## તથાભવ્યત્વ પરિપાકના ત્રણ સાધનો

**तस्स पुण विवागसाहणाणिचउसरणगमणं, दुक्कडगरिहा, सुकडासेवणं। अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं, भुज्जो भुज्जो संकिलेसे, तिकालमसंकिलिसे ॥**

તેને (તથાભવ્યત્વને) પરિપાક કરનારા સાધનોઃ

(૧) ચતુઃશરણ ગમન[૫] (૨) દુષ્કૃત ગર્હા[૬] (૩) સુકૃતોનું સેવન[૭] (અનુમોદના) છે. તેથી

---

(૫) ચતુઃશરણગમન - અરિહંત, સિદ્ધ, સાધુ તથા ધર્મના શરણનો સ્વીકાર.
'महानयं प्रत्यपायपरिरक्षणोपायः' આ ચતુઃશરણગમન આપત્તિઓથી રક્ષણ માટેનો મહાન ઉપાય છે.

(૬) દુષ્કૃત ગર્હા - આલોક પરલોકના દુષ્કૃતોની ''આ અકર્તવ્ય છે'' એવી બુદ્ધિપૂર્વક પર સાક્ષિક (ગુરુ સાક્ષિક) નિંદા એ દુષ્કૃતગર્હા.
''अप्रतिहतेयं कर्मानुबन्धापनयने'' (અશુભ) કર્મના અનુબંધનો નાશ કરવા માટે આ દુષ્કૃત ગર્હા અપૂર્વ શક્તિમાન છે.

(૭) સુકૃતાનુમોદના - સ્વપરકૃત સુકૃતોની અનુમોદના ''महदेतत्कुशलाशयनिबन्धनम्'' ચિત્તના શુભ પરિણામનું આ (સુકૃતાનુમોદના) મહાન કારણ છે.

મોક્ષાભિલાષી(ભવ્યાત્મા)એ પ્રણિધાનપૂર્વક[૮] સંક્લેશમાં વારંવાર અને અસંક્લેશમાં ત્રણ વાર કરવા જોઈએ.

## અરિહંતોનું શરણ

**जावज्जीवं मे भगवंतो परमतिलोगणाहा, अणुत्तरपुण्णसंभारा, खीणरागदोसमोहा, अचिंतचिंतामणी, भवजलहिपोया, एगंतसरण्णा अरहंता सरणं ।**

ત્રણ લોકના સર્વશ્રેષ્ઠ નાથ, અનુત્તર પુણ્યના નિધાન, જેમના રાગ, દ્વેષ, મોહ ક્ષીણ થઈ ગયા છે તેવા, અચિંત્ય ચિંતામણિ, ભવસમુદ્રમાં જહાજ સમાન, એકાંતે શરણ કરવા યોગ્ય અરિહંતોનું મને શરણ હો.

## સિદ્ધોનું શરણ

**तहा पहीणजरमरणा, अवेयकम्मकलंका,**

(૮) પ્રણિધાન - વિશુદ્ધ ભાવપૂર્વકની મન-વચન-કાયાની એકાગ્રતા. સૂત્રના અર્થમાં ઓતપ્રોતતા... सुप्रणिधानस्य फलसिद्धौ प्रधानाङ्गत्वात्।
ફળ સિદ્ધિમાં સુપ્રણિધાન પ્રધાન કારણ છે.

**पणट्ठवाबाहा, केवलनाणदंसणा, सिद्धिपुरवासी, णिरुवमसुहसंगया, सव्वहा कयकिच्चा सिद्धा सरणं।**

જેઓના જરા મરણ સંપૂર્ણ નાશ પામ્યા છે, કર્મના કલંકને જેઓને વેદવાના નથી, જેમની સર્વ પીડાઓ નાશ પામી છે, કેવળજ્ઞાન કેવલ દર્શનને ધારણ કરનારા, સિદ્ધિપુર નિવાસી, અનુપમ સુખથી યુક્ત, સર્વથા કૃતકૃત્ય એવા સિદ્ધભગવંતોનું મને શરણ હો...

## સાધુનું શરણ

**तहा पसंतगंभीरासया, सावज्जजोगविरया, पंचविहायारजाणगा, परोवयारनिरया, पउमाइणिदंसणा, झाणज्झयणसंगया, विसुज्झमाणभावा साहू सरणं।**

તથા પ્રશાંત ગંભીર આશયવાળા, (ચિત્તના

પરિણામવાળા) સાવદ્ય યોગથી અટકેલા, પાંચ પ્રકારના આચારને જાણનારા, પરોપકારમાં રક્ત, પદ્માદિની ઉપમાવાળા[૯], ધ્યાન અધ્યયથી યુક્ત, વિશુદ્ધમાન ભાવવાળા સાધનું મને શરણ હો.

## ધર્મનું શરણ

**तहा सुरासुरमणुयपूइओ, मोहतिमिरंसुमाली, रागद्दोसविसपरममंतो, हेऊ सयलकल्लाणाणं, कम्मवणविहावसू, साहगो सिद्धभावस्स केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं ।**

સુર અસુર મનુષ્યોથી પૂજિત, મોહરૂપી અંધકારને (નાશ કરવા) માટે સૂર્યસમાન, રાગદ્વેષરૂપી ઝેરનો નાશ કરવા માટે શ્રેષ્ઠ મંત્ર સમાન, સઘળા કલ્યાણોનું

(૯) પદ્મ એટલે કમલ, કમલ જેમ કાદવમાં ઉત્પન્ન થાય છે, જલથી વધે છે છતાં બંનેથી અસ્પૃષ્ટ રહે છે એમ મુનિ ભગવંતો પણ કર્મથી જન્મેલા ભોગથી ઉછરેલા છતાં કામ ભોગથી અલિપ્ત રહે છે. આદિથી શરદ ઋતુનું નિર્મળ પાણી વગેરે જાણવા.

કારણ, કર્મવનને બાળવા અગ્નિસમાન, સિદ્ધપણા (મુક્તિ)ના સાધક કેવલજ્ઞાનીઓએ પ્રરૂપેલા ધર્મનું યાવજ્જીવ મને શરણ હો.

## દુષ્કૃતગર્હા

**सरणमुवगओ य एएसिं, गरिहामि दुक्कडं जण्णं अरिहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा, उवज्झाएसु वा, साहूसु वा, साहुणीसु वा, अन्नेसु वा धम्मट्ठाणेसु, माणणिज्जेसु, पूयणिज्जेसु तहा माईसु वा, पिईसु वा, बंधूसु वा, मित्तेसु वा, उवयारीसु वा, ओहेण वा जीवेसु, मग्गट्ठिएसु, अमग्गट्ठिएसु, मग्गसाहणेसु, अमग्गसाहणेसु, जं किंचि वितहमायरियं, अणायरियव्वं अणिच्छियव्वं पावं पावाणुबंधि, सुहुमं वा बायरं वा, मणेण वा, वायाए वा, काएण वा, कयं वा, कारियं वा, अणुमोइयं वा, रागेण वा, दोसेण वा, मोहेण वा,**

**एत्थ वा जम्मे, जम्मंतरेसु वा, गरहियमेयं, दुक्कडमेयं उज्झियव्वमेयं, वियाणिअं मए कल्लाणमित्तगुरु–भयवंतवयणाओ, एवमेयं ति रोइयं सद्धाए, अरिहंतसिद्धसमक्खं गरहामि अहमिणं दुक्कडमेयं उज्झिअव्वमेयं एत्थ मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं ॥**

(ચારેના) શરણને પામેલો હું દુષ્કૃતની ગર્હા કરું છું.

જે કાંઈ મેં અરિહંતોને વિષે, સિદ્ધભગવંતોને વિષે, આચાર્યોને વિષે, ઉપાધ્યાયોને વિષે, સાધુ ભગવંતોને વિષે, સાધ્વીઓને વિષે, અન્ય ધર્મ સ્થાનકોને વિષે, માનનીયોને વિષે, પૂજનીયોને વિષે તથા માતાઓને વિષે, પિતાઓને વિષે, બંધુઓને વિષે, મિત્રોને વિષે, ઉપકારીઓને વિષે, સામાન્યથી જીવોને વિષે, મોક્ષ માર્ગમાં રહેલા જીવોને વિષે તથા મોક્ષ માર્ગમાં નહીં રહેલા જીવોને વિષે, મોક્ષ માર્ગના સાધનો (જિનમૂર્તિ, જિનમંદિર, પુસ્તકો, ચારિત્રના ઉપકરણ વગેરે)ને વિષે, મોક્ષ માર્ગના સાધનો ન

હોય તેવી વસ્તુ વિષે, જે કંઈ વિપરિત આચર્યું હોય, ન આચરવા યોગ્ય, ન ઈચ્છવા યોગ્ય, પાપ સ્વરૂપ, પાપાનુબંધિ, સૂક્ષ્મ કે સ્થૂલ, મનથી, વચનથી કે કાયાથી, કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય, રાગથી, દ્વેષથી કે મોહથી, આ જન્મને વિષે કે જન્માન્તરને વિષે, (કર્યું હોય) તે ગર્હા (દુગંછા) કરવા યોગ્ય છે, દુષ્કૃત છે, છોડવા યોગ્ય છે, એવું કલ્યાણમિત્ર ગુરુ ભગવંતના વચનથી મેં જાણ્યું છે, શ્રદ્ધાપૂર્વક તે મને રુચ્યું છે. અરિહંત સિદ્ધ સમક્ષ હું એની ગર્હા કરું છું. એ દુષ્કૃત છે, એ છોડવા યોગ્ય છે. આ દુષ્કૃતને વિશે મારા મિચ્છામિ દુક્કડમ્, મિચ્છામિ દુક્કડમ્, મિચ્છામિ દુક્કડમ્.[૧૦]

---

(૧૦) ''મિચ્છામિ દુક્કડમ્''નો અર્થ.

''मि'' त्ति मिउमद्दवत्ते 'च्छ' त्ति य दोसाणं छायणे होइ ।
''मि'' त्ति य मेराए ट्ठिओ, 'दु' त्ति दुगंच्छामि अप्पाणं ।।
''क'' त्ति कडं मे पावं 'ड' त्ति य डेवेमि तं उवसमेणं ।
एसो मिच्छामिदुक्कडपयक्खरत्थो समासेणं ।।

મિ - મૃદુ માર્દવ ભાવ;
ચ્છા - દોષોનું છાદન કરવું (દબાવવા)
મિ - મર્યાદામાં રહેલો

## પ્રાર્થના

**होउ मे एसा सम्मंगरहा । होउ मे अकरणनियमो । बहुमयं ममेयं ति इच्छामि अणुसट्ठिं अरहंताणं भगवंताणं, गुरुणं कल्लाणमित्ताणं ति ।**

મારી દુષ્કૃત ગર્હા સમ્યગ્ એટલે કે ભાવગર્હા[૧૧] થાવ તથા (દુષ્કૃતના) અકરણનો નિયમ થાવ. આ બંને (દુષ્કૃત ગર્હા તથા અકરણ નિયમ) મને બહુમત (સંમત) છે અને તેથી અરિહંતભગવંતોની તથા કલ્યાણ મિત્ર એવા ગુરુભગવંતોની હિતશિક્ષાને ઇચ્છું છું.

---

દુ - (દુષ્કૃત આચરનાર) આત્માની દુગંછા કરું છું
ક્ક - (મારાથી) કરાયેલા પાપને
ડં - ઉપશમથી દબાવી દઉં છું - નાશ કરું છું
અર્થાત્ મૃદુ (માર્દવ) ભાવપૂર્વક દોષોનું નિયંત્રણ કરતો મર્યાદામાં રહેલો (દુષ્કૃત આચરનાર) આત્માની દુગંધા કરું છું. મારાથી કરાયેલાં પાપને ઉપશમ ભાવથી લંઘી જાઉં છું. (શમાવું છું, દૂર કરું છું.) આ ''મિચ્છામિ દુક્કડમ્'' પદનો સંક્ષેપમાં અક્ષરાર્થ છે.

(૧૧) ભાવગર્હા : ઉપયોગ વિનાની તથા અશુભ આશયવાળી ગર્હા દ્રવ્ય ગર્હા થાય, શુદ્ધ આશયવાળી ઉપયોગપૂર્વકની ગર્હા ભાવગર્હા થાય.

**होउ मे एएहिं संजोगो, होउ मे एसा सुपत्थणा, होउ मे एत्थ बहुमाणो, होउ मे इओ मोक्खबीयं ।**

મને આમની (અરિહંત તથા ગુરુભગવંતોની) સાથે સંયોગ થાવ. મારી આ સુપ્રાર્થના થાવ. મને આ પ્રાર્થના વિષે પણ બહુમાન થાવ અને આ પ્રાર્થનાથી મોક્ષના બીજની પ્રાપ્તિ થાવ...

**पत्तेसु एएसु अहं सेवारिहे सिया, आणारिहे सिया, पडिवत्तिजुत्ते सिया, निरइयारपारगे सिया।**

(અરિહંતભગવંતો તથા ગુરુભગવંતોની) પ્રાપ્તિ થતાં હું તેઓની સેવાને યોગ્ય થાઉં, તેમની આજ્ઞા પાલન માટે લાયક થાઉં, તેઓની આજ્ઞાને સ્વીકારનારો થાઉં અને નિરતિચારપણે આજ્ઞાની પાર ઉતરું.

## સુકૃત અનુમોદના

**संविग्गो जहासत्तीए सेवेमि सुकडं । अणुमोएमि**

**सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरियं, सव्वेसिं सावगाणं मोक्खसाहणजोगे, एवं सव्वेसिं देवाणं, सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे ।**

સંવેગને (મોક્ષની અભિલાષાને) પામેલો હું શક્તિ મુજબ સુકૃતને સેવું છું (અનુમોદું છું). સર્વે અરિહંતોના અનુષ્ઠાનને (સંયમ-તપ-શાસન-સ્થાપના-ધર્મદેશના વગેરે) સર્વે સિદ્ધ ભગવંતોના સિદ્ધપણાને, સર્વે આચાર્યોના આચારને, સર્વે ઉપાધ્યાયોના સૂત્રદાનને, સર્વે સાધુઓની સાધુક્રિયાને, સર્વે શ્રાવકોના મોક્ષસાધક યોગોને તથા સર્વ દેવોના અને મોક્ષાભિલાષી અને શુભ ચિત્તવૃત્તિવાળા સર્વે

જીવોના માર્ગસાધક[૧૨] યોગોને (શુભ પ્રવૃત્તિને) અનુમોદું છું.

## પ્રાર્થના

**होउ मे एसा अणुमोयणा सम्मं विहिपुव्विगा, सम्मं सुद्धासया, सम्मं पडिवत्तिरूवा, सम्मं निरइयारा, परमगुणजुत्तअरहंतादिसामत्थओ ।**

સર્વ શ્રેષ્ઠ ગુણયુક્ત અરિહંતાદિના[૧૩] સામર્થ્યથી મારી આ અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વકની થાવ, સમ્યગ્ શુદ્ધ આશયવાળી થાવ, સમ્યગ્ પ્રતિપત્તિ એટલે કે સ્વીકારપૂર્વકની થાવ અને સમ્યગ્ નિરતિચાર

---

(૧૨) મિથ્યાદૃષ્ટિ આત્માના પણ ભવિષ્યમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિમાં કારણભૂત માર્ગાનુસારીના ગુણો તથા તેને અનુસરતી શુભ પ્રવૃત્તિ વગેરે અનુમોદનીય છે.

**અન્યમાં પણ દયાદિક ગુણા, જે જિનવચન અનુસાર રે,**
**સર્વ તે ચિત્ત અનુમોદીએ, સમકિત બીજ નિરધાર રે.**

- પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મ.સા.

(૧૩) आदिशब्दात् सिद्धादिपरिग्रहः । આદિ શબ્દથી સિદ્ધાદિ (પરમેષ્ઠિ) ગ્રહણ કરવા, એટલે અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિ જાણવા.

(અતિચાર વિનાની) થાવ.

**अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो वीयरागा, सव्वण्णू, परमकल्लाणा, परमकल्लाणहेऊ सत्ताणं।**

ખરેખર તે અરિહંતાદિ[૧૪] ભગવંતો અચિંત્ય શક્તિથી યુક્ત વીતરાગ છે, સર્વજ્ઞ છે, શ્રેષ્ઠ કલ્યાણ સ્વરૂપ છે અને જીવોને સર્વ શ્રેષ્ઠ કલ્યાણમાં કારણ રૂપ છે.

**मूढे अम्हि पावे अणाइमोहवासिए, अणभिण्णे भावओ हियाहियाणं अभिण्णे सिया, अहिअनिवित्ते सिया, हियपवित्ते सिया, आराहगे सिया, उचियपडिवत्तीए सव्वसत्ताणं सहियंति ।**

**इच्छामि सुक्कडं, इच्छामि सुक्कडं, इच्छामि सुक्कडं ।**

(૧૪) प्रायः आचार्यादीनामप्येतद्वीतरागादित्वमस्तीत्येवमत्राभिधानम् । આચાર્ય-ઉપાધ્યાય સાધુભગવંતોમાં પણ જેઓને કેવળજ્ઞાન હોય છે તે વીતરાગ સર્વજ્ઞ હોય છે. બાકીનામાં વીતરાગપણું - સર્વજ્ઞપણું આંશિક હોય તે અપેક્ષા અત્રે લીધી હોય તેમ લાગે છે.

સાંભળનારને, અનુપ્રેક્ષા (ચિંતન) કરનારને અશુભ કર્મોના અનુબંધો[૧૫] શિથિલ થઈ જાય છે, હાનિ પામે છે, ક્ષય થાય છે. સૂત્રના પ્રભાવથી ઉત્પન્ન થયેલ શુભ પરિણામથી જેનું સામર્થ્ય ભાંગી ગયું છે તેવા નિરનુબંધ થયેલા શેષ અશુભ કર્મો કટકબદ્ધ[૧૬] વિષની જેમ અલ્પ ફળવાળા થાય છે, સુખપૂર્વક દૂર કરી શકાય તેવા થાય છે તથા ફરીથી બંધાય નહીં તેવા થાય છે.

**तहा आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा साणुबंधं च सुहकम्मं**

---

(૧૫) **अशुभकर्मानुबन्धा भावरूपाः कर्मविशेषरूपा वा ।** અશુભ ભાવો (પાપસંસ્કારો) ઢીલા પડી જશે અથવા અશુભ કર્મોના રસ ઘટી જશે, કર્મોના પ્રદેશો પણ ઓછા થઈ જશે તથા કેટલાક કર્મો સંપૂર્ણ નાશ પામશે.

(૧૬) સર્પ વગેરેના ડંખ ઉપર મંત્રશક્તિથી કપડાં કે દોરી વડે સખત બંધ કરવામાં આવતા ઝેર નિર્બળ થઈ જાય છે. આ બંધને કટક બંધ કહેવાય છે. આ સૂત્રના પાઠથી એ રીતે અશુભ કર્મો પણ અલ્પ ફળદાયી થઈ જાય છે.

હું તો મૂઢ છું, પાપી છું, અનાદિ મોહથી વાસિત છું, ભાવથી હિતાહિતને જાણતો નથી, હવે હું (હિતાહિતને) જાણનારો થાઉં, અહિતથી નિવૃત્ત થાઉં, હિતમાં પ્રવૃત્ત થાઉં, આરાધક થાઉં, સર્વ પ્રાણીઓ જોડે ઉચિત વ્યવહાર કરવા દ્વારા સ્વહિતનો સાધક થાઉં. સુકૃતને ઇચ્છું છું. સુકૃતને ઇચ્છું છું. સુકૃતને ઇચ્છું છું.

**एवमेयं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढीलीभवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा, निरणुबंधे वाऽसुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं कडगबद्धे विय विसे अप्पफले सिया, सुहावणिज्जे सिया, अपुणभावे सिया ।**

આ પ્રમાણે આ સૂત્રને સમ્યગ્ ભણનારને,

**पगिट्ठं पगिट्ठभाववज्जियं नियमफलयं, सुपउत्ते विय महागए सुहफले सिया, सुहपवत्तगे सिया परमसुहसाहगे सिया।**

તથા આ સૂત્રના પઠન આદિથી શુભ કર્મના અનુબંધો એકઠા થાય છે, પુષ્ટ થાય છે તથા પરાકાષ્ટાએ પહોંચે છે અને પ્રકૃષ્ટ ભાવથી ઉપાર્જિત થયેલું અનુબંધવાળું શુભ કર્મ નિયમા ફલને આપનાર થાય છે. સારી રીતે યોજાયેલા ઔષધની જેમ શુભ ફળને આપનાર થાય છે, શુભ પ્રવૃત્તિ કરાવનાર થાય છે અને મોક્ષસુખનું સાધક થાય છે.

**अओ अप्पडिबंधमेयं असुहभावनिरोहेणं सुहभावबीयंति सुप्पणिहाणं सम्मं पढियव्वं सम्मं सोयव्वं सम्मं अणुपेहियव्वंति ।**

આથી પ્રતિબંધ[17] (પૌદગ્‌લિક ગૃદ્ધિ કે આસક્તિ) વિના ભણવાથી અશુભ ભાવને રોધીને શુભ ભાવના બીજ રૂપ થતું હોવાથી અત્યંત પ્રણિધાન[18]પૂર્વક પ્રશાંત ચિત્તથી આ સૂત્ર ભણવું જોઈએ, સાંભળવું જોઈએ અને અનુપ્રેક્ષા કરવી જોઈએ.

**नमो नमियनमियाणं परमगुरुवीयरागाणं। नमो सेस नमोक्काराारिहाणं। जयउ सव्वण्णुसासणं। परमसंबोहीए सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु**

---

(૧૭) अप्रतिबन्धं प्रतिबन्धरहितम् अनिदानमित्यर्थः । प્રતિબંધરહિત, નિદાન વિના સૂત્રને નિદાનરહિત ભણવું-સાંભળવું-ચિંતવવું જોઈએ. નિદાન કોને કહેવાય ? क्लिष्टकर्मबन्धहेतोर्भवानुबन्धिनः संवेगशून्यस्य महर्द्धिभोगगृद्धाध्यवसानस्य निदानत्वात् । ક્લિષ્ટ કર્મ બંધાવનાર, ભવની પરંપરાને સર્જનાર, સંવેગ વિનાનો મોટી રિદ્ધિ તથા ભોગોમાં ગૃદ્ધિનો અધ્યવસાય એ નિદાન છે. આવો જે અધ્યવસાય ન હોય તો તે નિદાન નથી. તેથી होउ मे एसा अणुमोअणा सम्मं विहिपुव्विाआ વગેરે પ્રાર્થના એ નિદાન નથી.

(૧૮) सुप्रणिधानं शोभनेन प्रणिधानेन सम्यक् प्रशान्तात्मना । સુપ્રણિધાન એટલે સુંદર પ્રણિધાનપૂર્વક અર્થાત્ પ્રશાંત આત્મા વડે.

**जीवा, सुहिणो भवंतु जीवा ।**

**इति पावपडिग्धायगुणबीजाहाणसुत्तं समत्तं ॥ १ ॥**

જેઓ ઈંદ્રાદિથી નમાયેલા છે તેવા ગણધર ભગવંતો વગેરેથી પણ નમસ્કૃત પરમગુરુ વીતરાગ અરિહંત ભગવંતોને નમસ્કાર થાવ. બીજા પણ નમસ્કારને યોગ્ય આત્માઓને નમસ્કાર થાવ. સર્વજ્ઞ શાસન જય પામો. નિર્મળ સમ્યક્ત્વથી જીવો સુખી થાવ, જીવો સુખી થાવ, જીવો સુખી થાવ.

*હે નાથ ! જે અજ્ઞાનીજનોએ તમારા શાસનને આત્મસાત કર્યું નથી, તેઓના હાથમાંથી ચિંતામણી રત્ન પડી ગયું તથા તેમને મળેલું અમૃત ફોગટ ગયું.*

*ક. સ. આ. હેમચંદ્રસૂરિ મ.*

***Without any investment you got Profit, How ? =** ગુણાનુરાગ*

આરાધનાપ્રિય આત્માઓને માટે ત્રિકાળ આરાધનાનું સ્વરૂપ
દર્શાવનાર પૂ. મહોપાધ્યાય યશોવિજયજી રચિત

# ''અમૃતવેલ'' નામક સ્વાધ્યાય

## (સ્વામી સીમંધરા વિનંતી - એ દેશી)

ચેતન જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોળતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે. ચે૦ ૧

ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે. ચે૦૨

ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિતરત્નરૂચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે. ચે૦૩

શુદ્ધ પરિણામને કારણે, ચારના શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે. ચે૦૪

જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહ રે. ચે૦૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરી કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ્ય શિવનગરનું, જ્ઞાન - આનંદ ભરપૂર રે. ચે૦૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂલ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે. ચે૦૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવ રે;
જે સુખહેતુ જિનવરે કહ્યો, પાપ જલ તારવા નાવ રે. ચે૦૮

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણાં નિંદિયે, જેમ હોયે સંવર વૃદ્ધિ રે. ચે૦૯

ઈહભવ પરભવ આચર્યા, પાપ અધિકરણ મિથ્યાત્વ રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિયે તેહ ગુણ ઘાત રે. ચે૦૧૦

ગુરુ તણાં વચન જે અવગણી, ગુંથીયાં આપ મત જાલ રે;
બહુ પરે લોકને ભોળવ્યા, નિંદિયે તેહ જંજાલ રે. ચે૦૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયાં, કીધલો કામ ઉન્માદ રે. ચે૦૧૨

જેહ ધન-ધાન્ય મૂર્છા ધરી, સેવીયાં ચાર કષાય રે;
રાગ ને દ્વેષને વશ હુવા, જે કીયો કલહ ઉપાય રે. ચે૦૧૩

જૂઠ જે આળ પરને દીયાં, જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદા માયા મૃષા, વળીય મિથ્યાત્વ સંતાપ રે. ચે૦૧૪

પાપ જે એહવાં સેવિયાં, નિંદિયે તેહ ત્રિહું કાલ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોયે કર્મ વિસરાલ રે. ચે૦૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તેહ ગુણ તાસ અનુમોદીયે, પુણ્ય-અનુબંધ શુભ યોગ રે. ચે૦૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે. ચે૦૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામ રે. ચે૦૧૮

જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જેહ સમકિત સદાચાર રે;
સમકિતદૃષ્ટિ સુર-નર તણો, તેહ અનુમોદીયે સાર રે. ચે૦૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદીયે, સમકિત-બીજ નિરધાર રે. ચે૦૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ-રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ચે૦૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિરગુણ નિજઆતમા જાણ રે. ચે૦૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, ઈમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નય ભાવના, પાવનાશય તણું ઠામ રે. ચે૦૨૩

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ચે૦૨૪

કર્મથી કલ્પના ઉપજે, પવનથી જિમ જલધિ-વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતા દૃષ્ટિ સ્થિર મેલ રે. ચે૦૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોર રે;
જ્ઞાનરુચિ વેલ વિસ્તારતાં, વારતા કર્મનું જોર રે. ચે૦૨૬

રાગવિષ દોષ ઉતારતાં, જારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ચે૦૨૭

દેખીએ માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીએ, પામીએ જિમ પરમધામ રે. ચે૦૨૮

શ્રી નયવિજય ગુરુ શિષ્યની, શીખડી અમૃતવેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગરેલ રે. ચે૦૨૯

**चउसरणगमणं दुक्कडगरिहा सुकडाणुमोयणा चेव ।
एस गणोडणवरयं कायव्वो कुसलहेउत्ति ॥**

- યોગશતકમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજા

ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા અને સુકૃતની અનુમોદના - આ ત્રણ વારંવાર કરવા જોઈએ, કારણ કે આ કલ્યાણનું કારણ છે.

# ભવસ્થિતિના પરિપાક

## નિમિત્તે રોજ આટલું વિચારો

**(પંચસૂત્ર આરાધનાનો સંક્ષિપ્ત સાર)**

(૧) મારા જીવે ભૂતકાળના ભવોમાં તથા વર્તમાન ભવમાં જે જે પાપો કર્યા હોય તે મિથ્યા થાવ. અરિહંત પરમાત્મા તથા પૂજનીય ગુરુભગવંતોની નિશ્રામાં તેની હું નિંદા તથા ગર્હા કરું છું.

(૨) ગયા ભવોમાં તથા આ ભવમાં મારા જીવે અરિહંત કે અરિહંત પ્રભુના ધર્મની ઉપાસના આદિ જે કાંઈ સુકૃત કર્યા હોય તેની ભાવપૂર્વક અનુમોદના કરું છું. તથા ત્રણે કાળના અરિહંતાદિ પંચપરમેષ્ઠિઓ, દેશવિરતિધર શ્રાવકો, સમ્યગ્દૃષ્ટિ જીવો અને માર્ગાભિમુખાદિ જીવોના સુકૃતોની ભાવસહિત અનુમોદના કરું છું.

(૩) અરિહંતોનું શરણ સ્વીકારું છું.
સિદ્ધોનું શરણ સ્વીકારું છું.
સાધુભગવંતોનું શરણ સ્વીકારું છું.
કેવલી ભગવંતોએ બતાવેલ ધર્મનું શરણ સ્વીકારું છું.

## રોજ રાત્રે સૂતી વખતે તથા વિશેષ બીમારી વગેરેમાં વારંવાર ચિંતવન કરવું

આજે રાત્રે જો મારું મૃત્યુ થાય તો આહાર, શરીર, પરિવાર, ધન, સંપત્તિ આદિ સમસ્ત વસ્તુઓને વોસિરાવું છું. (ત્યાગ કરું છું) અર્થાત્ એ સર્વ વસ્તુઓ સાથે મારે કોઈ સંબંધ નથી.

હું એકલો છું. મારું કોઈ નથી. આ જગતનો કોઈપણ પદાર્થ યાવત્ શરીર પણ મારું નથી. મારો આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રયુક્ત છે. તે સિવાય સર્વ બાહ્ય ભાવ છે, તેનો હું ત્યાગ કરું છું.

અરિહંત મારા દેવ છે. સુસાધુ મારા ગુરુ છે. તથા જિનેશ્વરોએ બતાવેલ માર્ગ એ મારો ધર્મ છે. એવા સમ્યક્ત્વને હું ગ્રહણ કરું છું. સર્વ જીવોને હું ક્ષમા આપું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. મન, વચન અને કાયાથી જે પાપ થયા હોય તે સર્વે મિથ્યા થાવ.

# પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના બ્રહ્મચર્ય ગુણ વિષે

બ્રહ્મચર્યનું તેજ વિરાજે, જે મૂલ સર્વ ગુણોનું હો ગુરુવર ।
મન-વચ-કાય વિશુદ્ધ જ એ તો, ચિત્ત હરે ભવિજનનું હો ગુ૦ પ્રે૦...॥

ગુણ ગાતા મેં કેઈ જન દીઠા, અહો! મહા બ્રહ્મચારી હો ગુરુવર ।
આ કાલે દીઠો નહિં એહવો, વિશુદ્ધવ્રતનો ધારી' હો ગુ૦ પ્રે૦ ॥

સ્ત્રી-સાધ્વી સન્મુખ નહિ જોયું, વૃદ્ધપણે પણ તેં તો હો ગુરુવર ।
વાત કરે જબ હેતુ નિપજે, દૃષ્ટિ ભૂમિએ દેતો હો ગુ૦ પ્રે૦... ॥

સંયમ-મહેલ આધાર જ એ તો, દૃષ્ટિદોષે સવિ મીંડુ હો મુનિવર ।
શુદ્ધ આલોયણ કરે નહિ તેહથી, દુઃખ સહે તિંહા ભારે હો ગુ૦ પ્રે૦... ॥
વિજાતીયનો સંગ ન કરજો, સાપ તણી પરે ડરજો હો મુનિવર ।
કામ કુટિલનો નાશ કરીને, અવિચલ સુખડાં વરજો હો ગુ૦ પ્રે૦... ॥

પ્રેમસૂરિશ્વરજી! ગુણના આકર! ગુણ દેઈ અમ દુઃખ મીટાવો હો ગુ૦ ।
ધીર પુરુષ તેં સહન કર્યું જિમ, તેહ તણી અમ રીતિ બતાવો હો ગુ૦ પ્રે૦...॥

**- ગુરુગુણ અમૃતવેલી**

# ક્ષમા વીરસ્ય ભૂષણમ્

ક્ષમા એ વીરનું ભૂષણ છે. ક્ષમા રાખવામાં ઘણી મહેનત પડે છે. છતીશક્તિએ સામાનો વાંક હોવા છતાં પ્રતિકાર ન કરવો તે ક્ષમા છે. આ ક્ષમા માટે સતત મનને મનાવવું પડે છે. મનને કાબૂમાં રાખવું પડે છે...

ક્ષમા વખતે વિચારવું કે ક્ષમા એ ધર્મ છે. ક્રોધ એ અધર્મ છે. ધર્મનો સદા જય થાય છે. અધર્મનો પરાજય થાય છે. તેથી વિજય મેળવવા માટે સદા ક્ષમાનો આશ્રય લેવો પડે છે.

ક્ષમા રાખવાથી સામી વ્યક્તિ પણ ક્ષમાશીલ બની શકે છે. જ્યારે ક્રોધ કરવાથી સામી વ્યક્તિ ક્રોધી બને છે. કારણકે 'ક્રોધથી ક્રોધ વધે છે' અને ક્ષમાથી ક્રોધનો નાશ થાય છે.

'ક્ષમા એ જગતમાં અપૂર્વ શાંતિ આપનાર વિશિષ્ટ રસાયણ છે...' તે સ્વ-પર બંનેને પુષ્ટ કરે છે.

'ક્રોધ એ ઝેર છે. તે સ્વ-પર ઉભયનો નાશ કરે છે...' માટે ક્ષમાનો આશ્રય લેવો...

ક્ષમા એ જગતમાં અપૂર્વ શાંતિ આપનાર વિશિષ્ટ રસાયણ છે... આવી ક્ષમાના ધારક, સાધુભગવંતો હોય છે. તેથી તેમને ક્ષમાશ્રમણ કહેવાય છે.

# મંગલ ભાવના

સૌ પ્રાણી આ સંસારના, સન્મિત્ર મુજ વહાલા હજો,
સદ્‌ગુણમાં આનંદ માનું, મિત્ર કે વૈરી હજો;
દુઃખિયા પ્રતિ કરુણા અને દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા. ૧
ગણીજનોકું વંદના, અવગુણ દેખ મધ્યસ્થ
દુઃખ દેખી કરુણા કરો, મૈત્રી ભાવ સમસ્ત. ૨

ખમાવું બધા જીવને આજ પ્રીતે,
ખમો તે બધા મુજને સર્વ રીતે;
બધા જીવમાં મિત્રતાને પ્રસારું,
નથી કોઈ સાથે હવે વેર મારું. ૩
બધા વિશ્વનું થાવ કલ્યાણ આજે,
બનો સજ્જ સૌ પારકા હિતકાજે;
બધા દૂષણો સર્વથા નાશ પામો,
જનો સર્વ રીતે સુખો માંહિ જામો. ૪

# લોકોત્તર ભાવના

**અનુપમમૈત્રી**

જો શક્તિ મુજને મલે, (તો) આપું સહુને સુખ;
કર્મના બંધન ટાળીને, કાપું સહુના દુઃખ. ૧

**ક્ષમાપના**

મુજને આપે ભલે, તો પણ હું ખમું તાસ;
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ. ૨

**સર્વાત્મભાવ**

જગના પ્રાણી માત્રને, વ્હાલા છે નિજ પ્રાણ;
માટે મન વચ કાયથી સદા કરું તસ ત્રાણ. ૩

**પરહિતચિંતા**

આશીર્વાદ મુજને મલો, ભવોભવ એહ મુજ ભાવ;
ત્રસ સ્થાવર જીવો બધા, દુઃખિયા કો નવિ થાય. ૪

**અનુપમાત્સલ્યભાવ**

ભવોભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય;
(તો) શ્રી જિનશાસન વિષે, સ્થાપું જીવ બધાય. ૫

# આપ સ્વભાવની સજ્ઝાય

આપસ્વભાવમેં રે, અવધુ સદા મગન મેં રહના;
જગત જીવ હૈ કરમાધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦૧

તું નહીં કેરા કોઈ નહીં તેરા, ક્યા કરે મેરા મેરા;
તેરા હૈ સો તેરી પાસે, અવર સબહિ અનેરા. આપ૦૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નીકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦૩

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ૦૪

પરકી આશા સદા નિરાશા, એ હે જગ-જન-પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ૦૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી. આપ૦૬

શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકુ દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦૭

